# હઝરત અલી(અ.સ.)એ જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)નો બચાવ કર્યો હતો?

અમુક લોકો એવો આરોપ લગાવે છે કે જ્યારે પવિત્ર પયગમ્બર(સ.અ.વ.)ની પુત્રી હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) ઉપર હુમલો થયો ત્યારે અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ(અ.સ.)એ તેમનો બચાવ કર્યો નથી.

પ્રશ્નના શબ્દો અને જે રીતે તે પૂછવામાં આવ્યો છે તેનાથી એ સ્પષ્ટ છે કે આવો પ્રશ્ન ફકત હઝરત અલી(અ.સ.) અને તેમના શીઆઓની દુશ્મનાવટમાંજ ઉદભવી શકે છે. આ પ્રશ્નને ચોક્કસપણે એવી રીતે રજૂ કરવામાં આવ્યો છે કે જેથી કરીને શીયાઓને ફસાવવામાં આવે. અગર શીયાઓ કહે છે હઝરત અલી(અ.સ.)એ જનાબે ફાતેમા(સ.અ.)નો બચાવ કર્યો હતો તો વિરોધીઓ એવો જવાબ આપે છે કે હઝરત અલી(અ.સ.)ને તો હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) દ્વારા સબ્ર કરવાનું કહેવામાં આવ્યું હતું અગર હઝરત અલી(અ.સ.) એ જનાબે ઝહરા(સ.અ.)નો બચાવ ન્હોતો કર્યો તો એનો મતલબ કે તે એટલા બહાદુર ન હતા અને તેમની બહાદુરીના બાબતે જે કાંઈ કિસ્સાઓ છે તે કંઈ નથી સિવાય કે ઘડી કાઢેલી વાતો. જ્યારે કે આ પ્રશ્ન પૂછવાનો ખરો હેતુ તો જનાબે ફાતેમા(સ.અ.)ના કાતિલનું નિર્દોષપણુ સાબીત કરવાનું છે કે હુમલો થયોજ ન હતો.

## ૧) હઝરત અલી(અ.સ.) હકની સાથે છે.

હઝરત અલી(અ.સ.)ની સામેના વાંધાનો અમારો પ્રારંભિક જવાબ એ છે કે હઝરત અલી(અ.સ.) કયારેય ખોટુ કાર્ય કરી શકે નહીં. તેઓ બંને સ્થિતિમાં હક પર છે (સાચા છે) અગર તેઓ હઝરત ફાતેમા(સ.અ.)નો બચાવ કરે અથવા ન કરે, કારણકે પવિત્ર પયગમ્બર(સ.અ.વ.)એ સ્પષ્ટ શબ્દોમાં એલાન કરી દીધુ છે કે

*'અલી હકની સાથે છે અને હક અલીની સાથે છે. અય અલ્લાહ હકને એ તરફ ફેરવ જે તરફ અલી ફરે.'*

આ હદીસની વિશ્વસનીયતા અને તેના પ્રમાણભૂત હોવા ઉપર તમામ મુસ્લિમો એકમત છે. તેથી, કોઈપણ વ્યકિત અલી ઈબ્ને અબી તાલિબ(અ.સ.)ના કોઈપણ કાર્ય બાબતે સવાલ ન કરી શકે ભલે પછી દેખીતી રીતે તેમને વિચિત્ર અથવા અસ્વિકાર્ય કેમ ન લાગે.

અલ્લાહે ફરિશ્તાઓને હઝરત આદમ(અ.સ.)ને સજદો કરવાનો હુકમ કર્યો તે હુકમ બાબતે કોઈપણ મુસ્લિમ અલ્લાહ તઆલાને સવાલ નથી કરી શકતો. હાલાકે દેખીતી રીતે તો તે તૌહીદના મૂળભૂત સિધ્ધાંતોનું ઉલ્લંઘન છે. શું કોઈ અલ્લાહ તઆલાને તૌહીદ શીખવી શકે? તેવીજ રીતે, શું કોઈ અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ(અ.સ.)ને હક શીખવી શકે?

## ૨) હઝરત અલી ઈબ્ને અબી તાલિબ(અ.સ.)નો વિરોધ:

હઝરત અલી(અ.સ.) પોતે બદલો લઈ શકે છે અને તેનું સામર્થ્ય પણ છે તે દર્શાવવા માટે હઝરત અલી(અ.સ.)એ જનાબે ફાતેમા(સ.અ.)નો હુમલાખોરોથી બચાવ કર્યો હતો. આપ(અ.સ.)એ ઝાલિમને પાછો હટાવ્યો અને તેને હંફાવી પણ દીધો. અગર હઝરત અલી(અ.સ.)એ તેમ ન કર્યું હોત, તો એ મજબુત શકયતા હતી કે દુશ્મનો હજુ આગળ વધ્યા હોત અને જનાબે ફાતેમા(સ.અ.)ને ત્યારે જ શહીદ કરી નાખત. જેમકે ઝાલિમે અગાઉથીજ ધમકી આપી દીધી હતી કે તેને કોઈ પરવાહ નથી કે ઘર તેના રહેવાસીઓ સાથે ઝમીન દોસ્ત કરી દેવામાં આવે. તેથી હઝરત અલી(અ.સ.)ની બહાદુરીના લીધે પૂર્વાયોજિત હત્યા થઈ ન શકી.

જેમકે હઝરત અલી(અ.સ.) પવિત્ર પયગંબર(સ.અ.વ.)ની વસીય્યતમાં બંધાયેલા હતા કે કોઈ પણ સંજોગોમાં અગર તેમને જરૂરી સંખ્યામાં મદદગાર અને સાથીદારો મળશે નહીં તો તેઓ સબ્ર કરશે. તેથી આપ (અ.સ.) એ તલ્વાર ન કાઢી. આપ(અ.સ.)એ એક વખત કહ્યું: “અગર મારી સાથે આ ઘેટાઓની સંખ્યા (કે જે ત્રીસ હતી) જેટલા અલ્લાહ તઆલા અને તેના રસૂલ(સ.અ.વ.)ના નિષ્ઠાવાન માણસો હોત તો મેં આ માખી ઉડાડવાવાળાના પુત્રને પદભ્રષ્ટ કરી નાખ્યો હોત.” (અલ કાફી-૮, પા. ૩૧)

જ્યારે આપ(અ.સ.)એ જાણ્યું કે તેઓ ઝાલિમને કત્લ કરી નાખશે તો પવિત્ર પયગંબર(સ.અ.વ.)ની વસીય્યતનું ઉલ્લંઘન થશે, માટે તેઓ ત્યાંજ થોભી ગયા.

### ૩) વેર લેવા માટે પોતાના પર કાબુ રાખવો:

અમીરૂલ મોઅમેનીન(અ.સ.)એ હુમલાખોરો વિરૂધ્ધ એવીજ રીતે બદલો ન લીધો જેવી રીતે તેઓ બદ્ર અને ઓહદના કાફિરો વિરૂધ્ધ બદલો લીધો ન હતો કારણકે તેમને ભય હતો કે તેઓના વેર વાળવાથી મુસ્લિમોમાં વિભાજન થઈ જશે અને તેના જવાબદાર આપ(અ.સ.)ને ગણવામાં આવશે.

(અલ ઈસ્તેઆબ ફી માઅરેફત અલ અસ્હાબ-૨,પા.૪૯૭
શર્હે નહજુલ બલાગાહ-૧, પા. ૧૮૪)

### ૪) બે વિકલ્પો વચ્ચે પસંદગી:

જ્યારે ઘર ઉપર હુમલો થયો અને પવિત્ર પયગંબર(સ.અ.વ.)ની વહાલી પુત્રી જનાબે ફાતેમા(સ.અ.)ને દબાવી દેવામાં આવ્યા ત્યારે અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ની સામે બે વિકલ્પો હતા, કાં તો વિરોધ કરી વેર લઈ લે કે જેનાથી મુસ્લિમો વચ્ચે ભાગલા પડતે અથવા ઝુલ્મ સહન કરવો અને ઈસ્લામને વિનાશથી બચાવવો. આપ(અ.સ.)એ બીજો વિકલ્પ પસંદ કર્યો કે જે ઈસ્લામના સૌથી શ્રેષ્ઠ હીતમાં હતું.

આપ(અ.સ.) નહજુલ બલાગાહના ત્રીજા ખુત્બા

(ખુત્બએ શીકશીકીયા)માં વર્ણવે છે "પછી મેં વિચાર્યું કે મારા કપાએલા હાથોથી હુમલો કરી દઉં? અથવા આ ભયાનક અંધકાર પર ધીરજ ધરી લઉં, જેમાં પાકટ ઉમરનો બિલકુલ નિર્બળ અને બાળક બુઢો થઈ જાય છે અને મોઅમીન તેના પ્રયત્નો કરતો કરતો પોતાના પરવરદિગારની પાસે પહોંચી જાય છે અને આ અંધકારમાં ધીરજ બુધ્ધિપૂર્વક લાગી એટલે મેં ધીરજ ધરી. જો કે આંખોમાં (રજના કાંકરા) ખૂંચતા હતા અને ગળામાં (દુઃખ-ગમનો) ફાંસો પડયો હતો."

ટૂંકમાં અમો પહેલા જણાવી ચૂકયા તે મુજબ આ પ્રશ્નને પૂછવાનો ખરો હેતુ તો જનાબે ફાતેમા(સ.અ.)ના કાતિલનું નિર્દોષપણુ સાબિત કરવાનું છે કે આ પ્રકારનો કોઈ હુમલો થયોજ ન હતો. જ્યારે કે ઉપર આપેલી દલીલોથી સાબિત થાય છે કે હુમલો થયો હતો અને હઝરત અલી(અ.સ.)એ બચાવ પણ કર્યો હતો.

અંતમાં અલ્લાહ તઆલા પાસે દુઆ કરીએ કે આપણને જનાબે ફાતેમા(સ.અ.)ના હકીકી અઝાદાર બનાવે અને દરે એહલેબૈત(અ.મુ.સ.)થી હંમેશા જોડેલા રાખે તથા પોતાની આખરી હુજ્જતના ઝહુરમાં તઅજ્જીલ ફરમાવે.

**કાતિલાને જનાબે ફાતેમા(સ.અ.) ઉપર**
**અલ્લાહ તઆલાની લાઅનત.**

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com